GJSR100001102026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૦ ૦૧ ૦૨ |

**ફોજદારી કેસ નં.:- ૧૧૦/૨૦૨૬**
**ચુકાદો આંકઃ-**

**:: નમૂના-અ ::**

| | |
|---|---|
| **ઉમરપાડા પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉમરપાડા, જિ.સુરત.** | |
| **::ગુનાની વિગત::** | |
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(એ) |
| પ્રથમ માહિત અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૬૦૦૫૧/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા. |
| આરોપી પક્ષ | કાંતુબેન તે મહેન્દ્રભાઈ શાંતુભાઇ વસાવા<br>રહે.જોડવાણ ગામ, મંદિર ફળીયું,તા.ઉમરપાડા, જી.સુરત |
| રજૂઆત | વિ.વકીલશ્રી જે.જી.વસાવા |

**:: નમૂના-બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૨૫/૦૨/૨૦૨૬ |
| તહોમતનામા/ પ્લીની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ રાખવાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ ( લાગુ પડે તો) | --- |

## :: આરોપીની વિગત ::

| અનું. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | નિર્દોષ છોડયું / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાંતુબેન તે મહેન્દ્રભાઈ શાંતુભાઇ વસાવા | ૧૨/૦૨/૨૦૨૬ | ૧૨/૦૨/૨૦૨૬ | ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) | નિર્દોષ | – | – |

**બી.જો.બચાવ પક્ષના સાહેત હોય તોઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર( નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાહેદ, પંચ સાહેદ તથા અન્ય સાહેદો) |
|---|---|---|
| ૧. | નીલ | – |
| ૨. | નીલ | – |

**સી.જો કોર્ટ સાહેદ હોય તોઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર(નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાહેદ, પંચ સાહેદ તથા અન્ય સાહેદો) |
|---|---|---|
| ૧. | નીલ | – |
| ૨. | નીલ | – |

**બી. બચાવ પક્ષઃ**

| ક્રમ | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧. | નીલ | – |
| ૨. | નીલ | – |

**સી. કોર્ટ આંકઃ**

| ક્રમ | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧. | નીલ | – |
| ૨. | નીલ | – |

**ડી.ભૌતિક પદાર્થ(મટીરીયલ ઓબ્જેકટ)**

| ક્રમ | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧. | MO-1 | – |
| ૨. | MO-1 | – |

**Cases are referred to:**

1. State of Gujarat V/s. Bhikhabhai Kalidas Patel. 1985 (2) G.L.R. 745.
2. State of Gujarat V/s. Raijibhai Chaturbhai Solanki. 1960 G.L.R. 77.
3. State of Gujarat V/s. Delhi Administration. 1996 (3) Crimes (S.C.) 85.
4. Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885.

**:: જજમેન્ટ::**

**ફરિયાદ હકીકતનું ટુંકમાં વર્ણનઃ–**

(૧) ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ કલાક ૧૬/૪૫ વાગ્યે મોજે રહે.જોડવાણ ગામ,મંદિર ફળીયું,તા.ઉમરપાડા, જી.સુરત પોતાના કબજામાં વગર પાસ પરમીટે એક પ્લા.ના કેરબામા આશરે ૦૪ લીટર જેટલું દેશીદારૂ જે એક લીટર દેશીદારૂની કિ.રૂ.૨૦૦ લેખે કુલ ૦૪ લીટર દેશીદારૂની કીમત રૂપિયા ૮૦૦/–મુદ્દામાલ મળી આવેલો. રાખી પકડાઈ જઈ ધી ગુજરાતપ્રો.હી.એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુનો આચરેલ હોય

ફરીયાદીનાઓએ ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી, સદર ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકારીનાઓએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળેલ હોય ઉપરોકત ગુના અંગે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આરોપી સામે ચાર્જશીટ થયા બાદ તેઓને આ કામે હાજર થવાનો સમન્શ કરતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ આંક–૦૪ થી આરોપી વિરૂધ્ધ પ્રોહિબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબની ગુના અંગેનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી નિવેદન આંક–૦૫ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરી આગળ ચલાવવા જણાવતાં, સબબ કામ ફરીયાદ પક્ષના પુરાવા રજુ થવા ઉપર મુલતવી રાખેલ.

(૩) ફરીયાદ પક્ષે આરોપી સામેનો તહોમત સાબીત કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**FORM- C**

**પ્રોસીક્યુશન ના સાક્ષીઓની યાદી**

**A. પ્રોસીક્યુશન**

| **અનુ.નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૦૬થી પંચસાહેદ છગનભાઇ હીરાભાઇ વસાવાની જુબાની |
| ૦૨ | આંક–૦૮થી પંચસાહેદ દિનેશભાઇ વનજીભાઇ વસાવાની જુબાની |
| ૦૪ | આંક–૦૯થી ત.ક.અ. અ.હે.કો સંજયભાઈ શંકરભાઈની જુબાની |

**પ્રોસીક્યુશનના આંકની સુચિ**

**A. પ્રોસીક્યુશન**

| **અનું. નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૦૭ થી અસલ મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૦૨ | આંક–૧૦ થી અસલ ફરીયાદ |

આ કામે ફરીયાદ પક્ષ તર્ફે એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ સમગ્ર પુરાવો ધ્યાને લઈ, આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતાં, તેમા આરોપી નાઓએ મુખ્યત્વે ફરિયાદપક્ષી તમામ હકિકતોનો ઈન્કારીયત અનુસારનો બચાવ લઈ સોગંદ ઉપર જુબાની આપવાની તથા બચાવના સાહેદોને તપાસવાની અનિચ્છા જાહેર કરી, વિશેષ જવાબમાં તેઓએ એવું જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. અમારા પર દયા રાખવા વિંનતી છે. આમ, આરોપી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પુર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ અને આ કામ કેસના નિર્ણય ઉપર રાખવામાં આવેલ.

(૬) સદર કામે બંન્ને પક્ષોની દલીલો, રજુ થયેલ પુરાવાને ધ્યાને લીધા બાદ આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૨/૨૦૨૬ના રોજ કલાક ૧૬/૪૫ વાગ્યે મોજે રહે.જોડવાણ ગામ,મંદિર ફળીયું,તા.ઉમરપાડા, જી.સુરત પોતાના કબજામાં વગર પાસ પરમીટે એક પ્લા.ના કેરબામા આશરે ૦૪ લીટર જેટલું દેશીદારૂ જે એક લીટર દેશીદારૂની કિ.રૂ.૨૦૦ લેખે કુલ ૦૪ લીટર દેશીદારૂની કીમત રૂપિયા ૮૦૦/– મુદ્દામાલ મળી આવેલો.રાખી પકડાઈ જઈ ધી ગુજરાત પ્રો.હી. એકટ ની કલમ ૬૫(એ)(એ) મુજબનો ગુનો આચરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-:કારણો-:**

(૮) **મુદ્દા નં. ૧:-**

ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલા છે.

(૮/૧) ફરીયાદપક્ષે **આંક-૦૬થી પંચસાહેદ છગનભાઈ હીરાભાઈ વસાવા**નાઓને તથા **આંક-૦૮થી પંચસાહેદ દિનેશભાઈ વનજીભાઈ વસાવા**નાઓને તપાસવામા આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસ પો.સ્ટે. બોલાવી પંચનામામાં સહી કરાવેલ હતી. મારે પોલીસ સાથે કોઈ જગ્યાએ જવાનું થયેલ નથી.પોલીસે મારી હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓ **આંક-૦૭**થી રજૂ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપે કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી કરાવેલી હતી. પોલીસ મારી હાજરીમાં પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ હોય એવુ બનેલ નથી. મારા રૂબરૂ કોઈને અટક કરેલી નથી.

(૮/૨) ફરિયાદપક્ષે **આંક-૯ થી ત.ક.અ. અ.હે.કો. સંજયભાઈ શંકરભાઈ**નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,અમો તા. ૧૨/૦૨/૨૦૨૬ ના રોજ અમો તથા અમારા સ્ટાફ ના માણસો તથા બે પંચોના માણસો સાથે ખાનગી વાહનમાં બેસી ઉમરપાડા પો.સ્ટે. વીસ્તારમા પ્રોહી પેટ્રોલીંગમા હતા તે વખતે અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે મો.જે. જોડવાણ ગામે મંદિર ફળીયામા રહેતા કાંતુબેન મહેન્દ્રભાઇ વસાવાનાઓના ઘરે છુટક દેશી દારૂનુ વેચાણ કરે છે. તેવી બાતમી હકીકત મળતા સાથેના પોલિસ તથા પંચોના મણસોને બાતમી હકીકતથી વાકેફ કરી સદર બાતમી હકીકત વાળી જગ્યાયે રેડ કરતા ત્યાં એક આરોપી હાજર મળી આવ્યા હતા તેઓનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેમણે પોતાનુ નામઠામ કાંતુબેન મહેન્દ્રભાઇ વસાવા મો.જે. જોડવાણ ગામે મંદિર મંદિર ફળીયાના હોવાનુ જણાવ્યુ હતુ તેને સાથે રાખી તેના ઘરમા તથા ઘરની આજુબાજુમાં ઝડતી તપાસ કરતા તેઓના ઘરના પજારીના ભાગે એક પ્લાસ્ટીકના કેનમા ૪ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૮૦૦ નો મળી આવેલો. તેમાથી સેંપલ નમુના ૧૮૦ મીલી જેટલો દેશી દારૂ

કાચની શીશીમા કાઢી લઈ સેંપલ તથા બાકીનો મુદ્દામાલ તપાસ અર્થે બે પંચોની હાજરીમાં વિગતવારનું પંચનામુ કરી કબજે કરેલો. ત્યારબાદ આરોપીની અટક કરીને પોલિસ સ્ટે. આવી સદર ગુનાની ફરીયાદ અમોએ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવમા આવે છે તે જોઈને કહુ છું કે તેમા ફરીયાદ આપનાર તરીકે મારી સહી છે. જે ઓળખી બતાઉ છુ. જે રજુ દાખલ **આંક–૧૦** આપવામા આવે છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ અમોને સોંપતા સંભાળી લઇ. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપી આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઇપણ જગ્યાએ રેડમાં જતા પહેલા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી પડે. હાલના કામના પંચો અન્ય કેસોમાં પણ પંચો તરીકે રહેલા છે. બનાવવાળું ગામ વસ્તી વાળુ છે. મે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. પંચનામા પો. સ્ટે. બેસી જાતે લખી લીધેલા. મુદ્દામાલ કબજે કરેલ તે જગ્યા કોની માલિકીની છે તેનો દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ રાખેલ નહી.

**પુરાવાનું મુલ્યાંકન :–**

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૦) સદરહુ કામે આરોપીની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષની હકીકત મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહી.એકટ અન્વયેનો ગુનો આચર્યાનો આક્ષેપ છે. તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબીત કરવા તથા રીકવરી સાબીત કરવા પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખુબ જરૂરી બની રહે છે. સદરહુ કામની એફ.આઈ.આઈ.ની હકીકત ધ્યાને લેતા, આ કામના ફરીયાદી તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો તથા પંચો સાથે પ્રોહી અંગેની રેડમાં નિકળેલ, તે દરમિયાન આરોપી પાસેથી પંચો રૂબરૂ પ્રોહી.મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ઉપરોકત એફ.આઈ.આર.માં જણાવેલ હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ધ્વારા જે કામગીરી કરવામાં આવેલ તે પંચોની હાજરીમાં કરવામાં આવેલાનું ફલીત

થાય છે. પરંતુ પંચોની જુબાની ધ્યાને લેતાં, પોલીસે તેમને પંચ તરીકે પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર પંચનામામાં સહી કરાવેલ હોવાથી તથા તેઓને કોઈ રેઈડમાં લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ પ્રતિબંધીત મુદ્દામાલ કબજે કરેલ હોવાનું બનેલ નહી હોવાનું જણાવી પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ, પંચો પંચનામામાં સહી કર્યા સીવાયની કોઈ હકીકતને સમર્થન કરેલ નથી તથા એ.પી.પી.શ્રી ધ્વારા પંચનામાના અનુસંધાને પુછવામાં આવેલ લીડીંગ પ્રશ્નોના જવાબ પણ નકરામાં આપેલ છે. આમ, મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું પંચોના પુરાવાથી થયેલ નથી.

(૧૧) સદર કેસમાં ફરીયાદની હકીકતને નજર સમક્ષ રાખી ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરી આરોપીની ગુનાના કામે સંડોવણી અંગે ચર્ચા કરવામાં આવે તો, હાલના કામે રેઈડની સમગ્ર કાર્યવાહીમાં સામેલ સાહેદો તે પોલીસ સાહેદો છે અને તેઓ અવારનવાર પ્રોહી. અંગેની રેઈડની કામગીરી કરતાં હોય છે અને તેઓની હાજરીમાં સમગ્ર કાર્યવાહી થયેલ હોય તેઓ સ્વાભાવીક પણે ફરીયાદપક્ષને સમર્થન કરતી હકીકત જણાવે તેમ બની શકે અને તે કારણે તેઓના પુરાવાના અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરૂરી બની રહે છે. વધુમાં ફરીયાદપક્ષે રજૂ પુરાવો વંચાણે લેતાં, બનાવ સ્થળ રહેણાંક વિસ્તાર છે, તે સંજોગોમાં બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેમજ તે અંગે કોઈ ખુલાસો રજુ થયેલ નથી. વધુમાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરીયાદ તેમજ સાહેદો રેઈડ સમયે બનાવ સ્થળે હાજર હોય, ફરીયાદ મુજબનો મુદ્દામાલ દેશીદારૂ આરોપીના કબજામાંથી મળી આવેલ હોય તે હકીકત સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સાબીત થતી નથી. વધુમાં હાલના ગુનાના કામે કબજે કરેલ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ તે જગ્યાની માલિકી પ્રસ્થાપિત કરતો કોઈ પુરાવો રજૂ કરેલ નથી.

(૧૨) અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તમામા રેઈડ સમયે હાજર હતાં અને સાહેદોએ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે. તેમજ આરોપી તર્ફે કોઈ તટસ્થ બચાવ હાલના કામે કોઈ પણ સાહેદના પુરાવા લાવેલ નથી. પરતું પ્રોહી.એકટની આદેશાત્માક જોગવાઈને નજર સમક્ષ રાખવામાં આવે તો હાલના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. સર્ટી રજૂ થયેલ નથી તેમજ ઘણા અગત્યાના એવા પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. સદર કેસ લગત રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપી જ હાલના ગુનાના કામે સંકળાયેલ છે તેવો કોઈ

સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં તેઓનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણાતો નથી. **નામ. ગુજરાત હાઈકોર્ટ તેમની સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.રઈજીભાઈ ચતુરભાઈ (૧૯૬૦ જી.એલ.આર. પાના નં.૭૭)** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરીયાદપક્ષને જો સમર્થન આપતા ના હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહી.

**(૧૩)** હાલના ગુનાના કામે પોલીસ ધ્વારા કાર્યવાહી થયેલ છે, તે પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલતે **Bhawan Sinh V/s State of Rajathan; reported in A.I.R. 1976 SC 885;** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, “ If everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution.”

**(૧૪)** આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનાં ચુકાદોઓ ધ્યાને લેવાં જરૂરી છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિરુધ્ધ ભીખાભાઈ કાળીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર પાન નં.૭૪૫** ના ચુકાદામાં જણાવેલ પંચનામાં બાબતના સિધ્ધાંતો ધ્યાને લેતાં જ્યારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહી. આ ઉપરાંત નામદાર ગુજરાત વડી અદાલતનો State of Gujarat v/s Raijibhai Chaturbhai Solanki- reported in 1960 GLR 77 ના ચુકાદામાં ઠરાવેલ છે કે– “ Criminal Procedure Code-(Act no. V of 1989) Section 103 (“ Search obligatory in presence of panchas- Evidence of police officer must be corroborated panchnama cannot be used for corroboration) The real principle is that where the presence of the panchas is obligatory at the time of search the Evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on the uncorroborated testimony of the police officer who conduct the search. The real question is whether there is corroboration or not. The absence of corroboration may be due to two factors the failure of the police to keep panchas or the fact that panchas do not support the prosecution. Whatever be the reason if there is no corroboration then ordinarily conviction should not rest on the uncorroborated testimony of the police officer conducting the

search in such cases." ઉપરોકત મુજબના નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને હાલના કામની રેકર્ડ આધારીત હકિકતો અને રજુ થયેલ પુરાવા સાથે સરખાવતાં આ કામે પણ પોલીસે પંચ સાહેદોની હાજરીમાં કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. જેથી તે સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પર થી પુરવાર થતું નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી. વધુમાં **નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા સતિષ મહેરા વિરુધ્ધ દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઈમ્સ(સુ.કો) પાના નં.૮૫** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં જ્યારે રજુ થયેલ પુરાવા ઉપર થી કેસનો અંત સજામાં પરીણામશે નહી તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્રકીયા પુરી કરવામાં વેડફવો જોઈએ નહી. તેવા સંજોગોમાં સદરહુ કામમાં સબસ્ટેન્સીયલ પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૧૫)** હાલના આ કેસની રેકર્ડ આધારીત હકીકતો અનુસાર હાલના આ કામે પંચસાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પોલીસ સાહેદોની જુબાનીને લેશમાત્ર સમર્થન મળતું નથી. પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા રજુ થઈ સમર્થન આવેલ નથી. મુદ્દામાલ આરોપીના માલીકી કબજામાં મળી આવેલાની હકીકત તથા આ કહેવતો મુદ્દામાલ દેશીદારૂ હોવાની હકીકત પણ પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર આરોપીને આ કામે કસુરવાન ઠરાવી શકાય તે અનુસારનો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ફરીયાદપક્ષ રજુ કરેલ પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય હાલના કામે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નં.૦૧** નો જવાબ " **નકારમાં"** આપી **મુદ્દા નં.૦૨** બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## —:આખરી હુકમ:—

**(૧)** આ કામના આરોપી કાંતુબેન તે મહેન્દ્રભાઈ શાંતુભાઈ વસાવા રહે.જોડવાણ ગામ, મંદિર ફળીયું,તા.ઉમરપાડા, જી.સુરતનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ મુજબના અપીલ સમય સુધીના રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાચ હજાર પુરા) ના જામીન રજુ રાખવા અથવા વિકલ્પે અગાઉના જામીન ચાલુ રાખવાની પુરસીસ રજુ રાખવી.

(૩) પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય બાદ કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૭મી, માહે માર્ચ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૨૭/૦૩/૨૦૨૬
સ્થળઃ ઉમરપાડા, જી.સુરત

(વિપુલભાઈ નાગરભાઈ પટેલ)
જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા,જી.સુરત(જીજે૦૧૭૬૬)